# ECHO OF HIS CALL

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

REACHING NATIONS

## સાદનો પ્રતિસાદ

GUJARATI

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXV | JULY 2023 | NO: 05


**પવિત્ર બાઈબલ**

**કૃપા કરી આ ભાગ મોઢે કરો**

**પ્રભુની સ્તુતિ થાઓ!!**

**યશાયા ૪૯ : ૧-૬**

૧. હે ટાપૂઓ, તમે મારુ સાંભળો! દૂરથી ધ્યાન આપો! હું ગર્ભસ્થાનમાં હતો ત્યારથી જ યહાવાએ મને બોલાવ્યો છે, હું મારી માના ઉદરમાં હતો ત્યારથી તેણે મારા નામનું સ્મરણ ર્ક્યુ છે.

૨. તેણે મારું મુખ તીક્ષ્ણ તરવાર જેવું ર્ક્યુ છે; તેણે મને પોતાના હાથની છાયામાં સંતાડ્યો છે, અને તેણે મને ઓપેલા બાણ સમાન ર્ક્યો છે, તેણે પોતાના ભાથામાં મને ગુપ્ત રાખ્યો છે.

૩. તેણે મને કહ્યું કે, ઈસ્રાએલ, તું મારો સેવક છે; તારામાં હું મહિમાવાન મનાઈશ.

૪. પરંતુ મેં કહ્યું, મેં અમથો જ શ્રમ ર્ક્યો છે, મેં પોતાનું સામર્થ્ય નકામું ને વ્યર્થ ખરચી નાખ્યું છે; તોપણ, મારો ઈનસાફ યહોવાની પાસે, ને મારો બદલો મારા દેવના હાથમાં છે.

૫. પણ યહોવા જેણે મને ગર્ભસ્થાનથી પોતાનો સેવક થવા માટે બનાવ્યો છે, તે કહે છે કે, તું મારી પાસે યાકૂબને પાછો ફરવી લાવ, ને ઈસ્રાએલને મારી પાસે એકઠા કર; કેમ કે યહોવાની દ્રષ્ટિમાં હુ માન પામેલો છું, ને મારો દેવ મારું સામર્થ્ય થયેલો છે.

૬. તે તો કહે છે, તું યાકૂબનાં કુળને ઊભા કરવા સારું તથા ઈસ્રાએલમાંના નાશમાંથી બચેલાઓને પાછા લાવવા સારું મારો સેવક થાય એ થોડું કહેવાય, માટે પૃથ્વીના છેડા સુધી મારુ તારણ પહોંચવા સારું વિદેશીઓને અર્થ હું તેને પ્રકાશરૂપ ઠરાવીશ.

# પસંદગીઓ !

## CHOICES!



**બહેન એન્જેલાઈન સેલ્વાકુમારી**

આપણા રાજીંદા જીવનો ઘણી પસંદગીઓથી ભરેલા છે. દરેક પસંદગીના પરિણામો હોય છે. કેટલાક મહત્વના હોય છે, કેટલાક નથી હોતા. કેટલીક પસંદગીઓ જીવન બદલી નાખનારી હોય છે, જેમ કે જીવનસાથીની પસંદગી, કારકિર્દીની પસંદગી વગેરે. કેટલીક સાંસારીક કે એકસૂરીલી હોય છે, જેમ કે શું પહેરવું, શું ખાવું વગેરેની પસંદગી કરવી. જ્યારે ઈશ્વરે માનવજાતનું સર્જન ર્ક્યુ, તેમણે તેમનું પોતાની સ્વતંત્ર ઈચ્છા સાથે ર્ક્યુ. મનુષ્યને પસંદગી કરવાનું સામર્થ્ય હોય છે, બન્ને સારી અને ખરાબ. તોપણ, ઈશ્વર હમેશાં દોરવણી આપે છે, તેમની અપેક્ષાઓ મૂકે છે, પણ તેઓ ક્યારેય દબાણ નહિ કરે કે તેઓ શું ઈચ્છે છે. ઈશ્વર ઈચ્છે છે કે આપણે આપણી સ્વતંત્ર ઈચ્છા મૂજબ પસંદગી કરીએ, જે તેમણે આપણા માટે યોજ્યું છે.

આપણા સૃષ્ટિના ઈશ્વર આપણને એટલો બધો પ્રેમ કરે છે કે તેમણે આપણને તેમને પ્રેમ કરવાની અને તેમને જાણવાની પણ સ્વતંત્રતા આપી છે. આપણા સાર્વભૌમત્વક ઈશ્વર આપણને કોઈપણ સંજોગોમાં તેમને પસંદ કરવા દબાણ કરતા નથી. તેઓ હમેશાં માનવજાત સાથે સંબંધમાં રહેવા ઈચ્છા રાખે છે, પણ તેઓ તે આપણા પર થોપી દેતા નથી; તેને બદલે આપણે તેમને વધુ જાણવા માટે પસંદ કરીએ ત્યાં સુધી તેઓ નમ્રતાથી આપણી રાહ જુએ છે.

બાઈબલ કહે છે, **"તમે દેવની પાસે જાઓ, એટલે તે તમારી પાસે આવશે."** (યાકૂબને

(અનુસંધાન પાન ૩ પર)


**ઈકો ઓફ હીજ કોલ**



**ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !**

**પાળક એસ. સામ સેલ્વરાજ સાથે**

**પ્રાર્થના કરવાની એક તક!**

**પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!**

**અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ**


દરરોજ - સવારે ૫.૦૦ વાગે

**તમિલ રવિવારની ભજનસેવા - સવારે ૮.૩૦ વાગે**

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## *from your dearly beloved brother...*

REACHING NATIONS





### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.

**"જે પોતાના મુખે... બોલ્યો, ને જેણે તે પોતાના હાથે પૂરું કર્યું છે."** (૧ રાજાઓ ૮:૧૫)

ખ્રિસ્તમાં પ્રિય વહાલાઓ,

અમે આપણા પ્રભુ તથા તારનાર, ઈસુ ખ્રિસ્તના નામમાં તમને સલામ પાઠવીએ છીએ.

પાછલા મહિનાનું **ઈકો ઓફ હીજ કોલ** સામયિક વાંચીને ઘણા લોકોએ અમારા લેખોના વખાણ કર્યા હતા. તે માટે અમે સર્વનો આભાર માનીએ છીએ. અમે ઈશ્વરના સર્વ લોકો પ્રત્યે નમ્ર કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ કે જેઓ અમને તેમના હૃદયોના ઊંડાણથી ખરેખર પ્રેમ કરે છે અને જેઓ તેમની પ્રાર્થના અને સારા સૂચનો સાથે અમારા **ઈકો ઓફ હીજ કોલ** સામયિક અને અન્ય સેવાકાર્યોને સમર્થન આપે છે.

અમે તમને તમારા ઈમેલ આઈડી મોકલવા માટે વિનંતી કરી હતી. જેઓએ અમને તેમના ઈમેલ આઈડી મોકલ્યા છે, તેઓને અમે હવે પછી તેમના ઈમેલ આઈડી પર પણ અમારું ઈકો ઓફ હીજ કોલ સામયિક મોકલીશું. વધુમાં, જ્યારે અમારા **ઈકો ઓફ હીજ કોલ** સામયિકો સર્વ ૧૬ ભાષાઓમાં પ્રકાશિત થાય કે તેમને અમે તરત જ અમારી વેબસાઈટ, www.echoofhiscall.org પર અપલોડ કરીએ છીએ. ત્યાંથી પણ તમે તે વાંચી શકો છો. જો તમે ઈચ્છો તો, તેને ડાઉનલોડ કરીને તેની પ્રિન્ટ કાઢીને વાંચી શકો છો. ચિંતા કરશો નહી. તમે ચોક્કસ આ રીતોએ **ઈકો ઓફ હીજ કોલ** સામયિક મેળવી શકશો.

જે પ્રાર્થનાઓ અમે દરરોજ રાત્રે ૧૦ વાગે પ્રસારીત કરીએ છીએ, જે સર્વ આંતરરાષ્ટ્રીય જુવાનો તથા બાળકો માટે છે, તેનો અમારા વાચકોએ સ્વીકાર કર્યો છે અન અમને સર્વશક્તિમાન ઈશ્વર તરફથી પણ સારા જવાબો મળી રહ્યા છે. ઈશ્વર પ્રભુની સ્તુતિ થાઓ.

અમે ઝડપથી અને ત્વરીત કાર્ય કરી રહ્યા છીએ. પાછલા મે મહિનામાં **વીબીએસ (વેકેશન બાઈબલ સ્કૂલ)** બાળકો માટેના વર્ગો ભરાવવામાં આવ્યા હતા. અમારા **નહેમ્યા બાઈબલ કોલેજ**નો પદવીદાન સમારંભ ખાસ રીતે તારીખ ૩જી જૂન, ૨૦૨૩ના રોજ ઉજવવામાં આવ્યો હતો. તારીખ ૫મી જૂન, ૨૦૨૩થી, **નહેમ્યા બાઈબલ કોલેજ** તથા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ**ના શૈક્ષણિક વર્ગો શરૂ થઈ ગયા છે. કૃપા કરીને પ્રાર્થના કરશો કે વર્ગો સારી રીતે અને યોગ્ય રીતે કાર્યરત રહે. કૃપા કરીને અમારા માટે પણ પ્રાર્થના કરશો.

દરરોજ સવારે ૫.૦૦ વાગે એક પાંચ મિનિટનો સંદેશો અંગ્રેજી, હિન્દી, તામિલ તથા તેલગુ ભાષાઓમાં અમારા યુટ્યુબ ચેનલ મારફત પ્રસારિત થાય છે. કૃપા કરીને તમારા મોબાઈલ ફોનમાં અમારા વોટસઅપ નં. ૯૮૪૧૦૭૧૮૫૮ સેવ કરી રાખશો. આ મિનિસ્ટ્રી વિશેની માહિતી મેળવવા માટે તે સહાયરૂપ થઈ રહેશે. કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ**ને સબસ્ક્રાઈબ પણ કરશો.

જ્યારે ટેક્નોલોજીઓ સાથે સમય આગળ વધી રહ્યો છે, જો કે તે આપણને ગમે કે ન ગમે, આપણે તેની સાથે ચાલવું જ પડે છે. આ પદ્ધતિથી આવો સુવાર્તાના શુભ સમાચારો લોકો સુધી પહોંચવા દઈએ. ઈશ્વરનો મહિમા થાઓ. આમીન.

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**

**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**

(+91) 98412 71858 / 98410 71858, E.mail : samselvaraj333@gmail.com

**CHIEF EDITOR**

**Pastor Alex Samson Sam,** B.Th., M.Div.

**ADMINISTRATION**

**Bro. N. Prakasam,** M.A., General Manager
**Dr. Rabinder Boaz,** M.S.
**Bro. K. Puratchivendan**

**EDITORIAL BOARD**

**Sis. Jesy Veena Sam**
**Sis. Serena Bevin,** M.A., M.Phil., B.Ed.
**Dr. A. Richard Samuel,** M.A., Ph.D.
**Rev. Dr. K.R. Rajasekaran**

**EDITOR, PUBLISHER & PRINTER**

**Pastor S. SAM SELVA RAJ**
**Echo of His Call Printers**
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858

**E.mail ID**

sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**

www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**

Echo of His Call

(પાન ૧ પરથી આગળ...)

પત્ર ૪:૮). તેજ વખતે, બાઈબલ એમ પણ કહે છે કે, આપણે તેમને પસંદ કર્યા નથી, પણ ઈસુએ આપણને પસંદ કર્યા છે – **''તમે મને પસંદ કર્યો નથી, પણ મેં તમને પસંદ કર્યા છે...''** (યોહાન ૧૫:૧૬). અને તે એ કે તેઓ એ છે જેમણે આપણને પ્રથમ પ્રેમ કર્યો – **''...કેમ કે પ્રથમ તેણે આપણા પર પ્રેમ રાખ્યો.''** (૧ યોહાન ૪:૧૯). ત્યાં કોઈપણ એવી જગ્યા નથી કે ઈશ્વરે તેમને પસંદ કરવા કે તેમના પર પ્રીતિ રાખવા આપણા પર દબાણ કર્યુ હોય. તેઓ હમેશાં નમ્ર ઈશ્વર છે, જેમણે આપણને સ્વતંત્ર ઈચ્છા આપી છે. સર્વને તક આપવામાં આવી છે. ફક્ત થોડાએ જ તે આપનારી તક ઝડપી લીધી છે. અને તેનો ઉપયોગ કર્યો છે.

આવો આપણે બાઈબલના અગ્રણી પાત્રો દ્વારા કરવામાં આવેલી કેટલીક પસંદગીઓ પર મનન કરીએ.

## બે ચોરો!

બે ચોરોનું ઉપાહરણ લેતા, જેઓ વધસ્તંભ પર ઈસુ ખ્રિસ્ત સાથે તેમની બન્ને બાજુ પર જડાયેલા હતા, તેમાનાં એકે કહ્યું, **''...હે પ્રભુ ઈસુ, તું તારા રાજ્યમાં આવે ત્યારે મને સંભારજે.''** (લૂક ૨૩:૪૨). ઈસુએ કહ્યું, **''...આજ તું મારી સાથે પારાદૈસમાં હોઈશ.''** (લૂક ૨૩:૪૩); જ્યારે બીજાએ ઈસુ ખ્રિસ્તની નિંદા કરવાનું નક્કી કર્યુ હતું, તે તેના જીવનની અંતિમ ક્ષણો હોવા છતાં પણ, જ્યારે એક ચોરે પસ્તાવો કર્યો હતો અને પ્રભુને તેને સંભારવા, યાદ રાખવા વિનંતી કરી હતી, ત્યારે બીજાએ તક ગુમાવી દીધી હતી અને ઈસુ ખ્રિસ્તને દોષ દેવાનું અને તેમની ભુલો શોધવાનું ચાલુ રાખ્યું હતું. તે બન્નેને પસંદગી કરવાની તક આપવામાં આવી હતી. તેમના પર કોઈએ કંઈપણ દબાણ કર્યુ નહતું, પણ જે જીવન બદલી નાખવાની તક/ક્ષણ હતી, ફકત તેજ ચોર માટે જ નહિ કે જેણે પોતાને સંભારવાની ઈચ્છા રાખી હતી, પણ આપણ સર્વને માટે પણ, તેથીજ આપણે તે વિશે ૨૦૨૩માં વાત કરી રહ્યા છીએ.

## જમાદાર!

ઈશ્વરના હલવાન, ખ્રિસ્તના વધસ્તંભ પરના ક્રુરતાપૂર્વક મૃત્યુના તે દિવસે ઘણા




જમાદારો સાક્ષી બન્યા હતા. તેઓ જોઈ શક્યા હતા કે ઈસુ એક જુદા પ્રકારના હતા, પણ કોઈપણ તે વાતની કબૂલાત કરવા કે તેમનો સ્વીકાર કરવા માગતા નહતા કે તેઓ કોણ હતા, પણ એક માણસ તેવો હતો. ત્યાં ઈસુના પગ પાસે એક જમાદાર ઊભો હતો, જ્યારે વધસ્તંભ પર તેમને ખીલે જડવામાં આવી રહ્યા હતા. તેણે કહ્યું, **''... ખરેખર એ દેવનો દીકરો હતો.''** (માથ્થી ૨૭:૫૪) તેણે ઉઘાડી રીતે કબૂલ કર્યુ હતું. કે ખ્રિસ્ત કોણ હતા? તે નિવેદન કરવા માટે ઘણી નીડરતા અને હિમ્મતની જરૂર હોય છે. આજે પણ આપણા ભાઈઓ અને બહેનોની સતાવણી કરવામાં આવે છે, માત્ર તેમના વિશ્વાસને કારણે – તેમને ધૂત્કારવામાં આવે છે, જેલમાં નાખવામાં આવે છે, નાગા કરવામાં આવે છે, તેમના જ લોકો દ્વારા શરમજનક સ્થિતિમાં મૂકવામાં આવે છે, આગમાં બાળી દેવામાં આવે છે, તેમના વૃદ્ધ માતાપિતાઓ પર જુલમ ગુજારવામાં આવે છે, વગેરે, પણ, આ સઘળું સહન કરતા, તેઓ તેમના વિશ્વાસની કસોટીમાં અડગ ઉભા રહે છે. **''ખ્રિસ્તના પ્રેમથી આપણને કોણ જુદા પાડશે? શું વિપત્તિ કે વેદના કે, સતાવણી કે દુકાળ કે નગ્નતા કે, જોખમ, કે તરવાર?...''** (રોમનોને પત્ર ૮.૩૫). આ વાત કરતી વખતે કોઈએ પાઉલ પર દબાણ કર્યુ નહતું, પણ તે તો તેની પસંદગી હતી જે તેણે કરી હતી.

## પિલાત!

પિલાત એક બીજો માણસ હતો, જેની પાસે ઈસુ ખ્રિસ્ત માટે જીવન બદલી નાખનાર નિર્ણય લેવાની સત્તા હતી, બણ લોકોને ખૂશ કરવામાં, સારી નામના મેળવવા, અને યહૂદીઓના મનોમાં સારી છાપ પાડવા, તેમનામાં સારા દેખાવવા માટે, તેણે જે કરવું જોઈતું હતું, તે કરવામાં તે નિષ્ફળ ગયો હતો. બાઈબલ કહે છે, **''... હિત કરવાની શક્તિ તારા હાથમાં હોય તો, જેને માટે તે ઘટારત હોય તેનાથી તે પાછું ન રાખ,''** (નીતિવચનો ૩:૨૭) અને **''... માટે જેમ પ્રસંગ મળે તેમ આપણે બધાનું સારું કરીએ.''** (ગલાતીઓને પત્ર ૬:૧૦). ફરી તે પસંદગી છે જે આપણને આપવામાં આવી છે અને બાઈબલ સૂચિત કરે છે કે ભલુ કરવા માટે સભાનતાપૂર્વક નિર્ણય લો. પસંદ કરવા માટે ઈરાદાપૂર્વકની પસંદગી.

જો ઈશ્વરે તમને કોઈ સ્થિતિમાં મૂક્યા છે કે કોઈ જગામાં મૂકે છે, જ્યાં કોઈક ભંગીત, જરૂરીયાતમંદ, નિસહાય, નિર્બળ, અનાથ કે શારિરીક કે માનસિક રીતે અપંગને મદદ કરી શકો, તો તેમને મદદ કરવાની પસંદગી કરો. સાચા કારણ માટે લડવા માટે આપણને વિજેતાઓની જરૂર છે. મધર તેરેસા આવા ઉમદા મહિલા હતી, જેણીએ પોતાની આખી જીંદગી નબળા અને માંદાઓની સહાય તથા સેવા કરવામાં ખર્ચી નાખી હતી. એમી કારમાઈકલ એવી વિજેતા હતી જેણીએ જુવાન છોકરીઓના હકો માટે લડત આપી હતી. તેઓએ જે કર્યુ તે તેઓ સમાજના નબળા વર્ગોના લોકો માટે કરી શક્યા હતા. બીજી તરફ, તે જોવું દુઃખદ છે કે લોકો ઘણા સ્વકેદ્રિત થયા છે કે તેમની પાસે પોતાના ભાઈઓ અને બહેનો માટે સમય હોતો નથી. વધુ દુઃખદ એ છે કે આપણે તે મંડળીઓમાં જોઈ શકીએ છીએ. ઈશ્વર આપણને આ બદલવા માટે કૃપા આપો અને આવો આપણે પણ બદલાઈએ.

પિલાત જાણતો હતો કે ઈસુ નિષ્કલંક છે, અને તેની પાસે તેમને છોડી દેવાની પસંદગી હતી. મને લાગે છે કે તે ખરેખર ઈસુ ખ્રિસ્તને છોડી દેવા ઈચ્છતો હતો, તોપણ, તે જાહેરમાં તેમ કરવા માગતો



નહોતો. પિલાતે કુનેહપૂર્વક લોકોને પસંદગી કરવાની યોજના બનાવી, બરબ્બાસને કે ઈસુ ખ્રિસ્તને, બન્નેમાંથી એકને છોડી દેવાની પસંદગી, એ ધારણા સાથે કે લોકો ઈસુ ખ્રિસ્તને છોડી દેવા માટે કહેશે. પણ, અરે, તેઓએ બરબ્બાસને છોડી દેવા કહ્યું! યહૂદીયોએ ખોટા કારણ માટે સારી રીત વાપરી હતી. ગુમાવેલી તકો!!

આપણામાંના કેટલા લોકોએ તકો ગુમાવી છે, કારણ કે આપણે પસંદગી કરવામાં નિષ્ફળ ગયા છીએ, જ્યારે તેને માટે પણ હતી! પણ કૃપાળુરીતે, આપણી પાસે ઈશ્વર છે, જે બીજી પસંદગીની તક આપે છે. આપણે જ્યારે તે ગુમાવીએ છીએ તેઓ હમેશાં બીજી દૈવી યોજના સાથે આવે છે. આવો ઈશ્વરનો પ્રેમ છે. કદાચ તમે બેઠા હશો અને વિચારતા હશો કે આ હું કરી શક્યો હોત, તે હું કરી શક્યો હતો, પણ મારી ઉંમર થઈ ગઈ છે, મારામાં તાકાત નથી, વર્ષો વેડફાઈ ગયા છે!

વહાલા ભાઈઓ તથા બહેનો, જો તમે વિચારતા હો કે તમે તમારો સમય વેડફી નાખ્યો છે અને હવે તેમ કરવા ઘણું મોડું થઈ ગયું છે, તો તે ક્યારેય ઈશ્વરના રાજ્યમાં મોડું થયું નથી. ઈશ્વરનો સમય સંપૂર્ણપણે યોગ્ય છે. મૂસા જ્યારે ૪૦ વર્ષનો હતો ત્યારે ઈશ્વર તેનો ઉપયોગ કરવા માગતા નહતા પણ જ્યારે તે ૮૦ વર્ષનો થયો હતો ત્યારે. કાલેબ ૮૦ વર્ષનો થયો હતો ત્યારે પણ તેનામાં લડવાની અને દેશને જીતાડવાની તાકાત હતી. તમારા વેડફાઈ ગયેલા વર્ષો ઈસુ ખ્રિસ્તને આપો અને તેઓ કંઈક સુંદર બનાવશે. તે મને એક જૂના ગીતની યાદ અપાવે છે.

“તે સર્વ ઈસુને આપો તુટેલા સ્વપ્નો, ઘાયલ હૃદયો, તુટેલા રમકડાઓ. તે સર્વ ઈસુને આપી દો. કેમ કે તેઓ તમારા દુઃખો આનંદમાં ફેરવી દેશે.” આવો આપણે તે સર્વ ઈસુને આપી દેવાનું શીખીએ.

## પિતર!

પિતર ઈસુ ખ્રિસ્તના શરૂઆતના શિષ્યોમાંનો એક હતો. ઈસુ ખ્રિસ્તના શિષ્યોના આંતરિક વર્તુળની જે રચના થઈ હતી, પિતર તેમાનો એક હતો. પિતર ઈસુ ખ્રિસ્તના જીવનની મોટા ભાગની મહત્વપૂર્ણ ઘટના વખતે તેમની સાથે હતો. “રૂપાંતરના પહાડ” પર તે સાક્ષીરૂપ બન્યો હતો અને જોયું હતું કે ખ્રિસ્ત કોણ હતા.

મને પિતરનું પાત્ર ગમે છે! એક માણસ કે જેની પાસે ખૂબ જૂસ્સો અને ઉત્સાહ હતો. રૂપાંતરના પહાડ પર તે ઈસુ ખ્રિસ્ત માટે, મૂસા તથા એલિયા માટે માંડવો બાંધવા માંગતો હતો. જ્યારે ઈસુ ખ્રિસ્ત તેમના ભયાનક મરણ વિશે બોલ્યા હતા, ત્યારે સૌથી પહેલા લાગણીશીલ થઈને બોલનાર પિતર હતો અને તેણે કહ્યું હતું કે, “**પ્રભુ, હું તારી સાથે બંદીખાનામાં જવાને તથા મરવાને પણ તૈયાર છું.**” (લૂક ૨૨:૩૩). તે વધુ પડતો રક્ષણાત્મક અને ગુસ્સાવાળો માણસ હતો. જ્યારે સિપાહીઓ ઈસુની ધરપકડ કરવા આવ્યા હતાં, ત્યારે તે ગુસ્સે થયો હતો, અને એક સિપાહીનો કાન કાપી નાખ્યો હતો. દરેક રીતે, પિતર ખૂબ જ લાગણીશીલ માણસ હતો, જેની સાથે આપણે બધા સંબંધ રાખી શકીએ. દરેક પરિસ્થિતિમાં તે આગળ રહેવા માગતો હતો, અને તે હંમેશા સક્રિય રહેતો હતો.

પિતર લોકો કેન્દ્રિત માણસ હતો. તેને તેના ભાઈ આન્દ્રિયા સાથે ઘણો ઘનિષ્ટ સંબંધ હોવો જોઈએ કેમ કે તેથી જ જ્યારે આન્દ્રિયાએ તેને ઈસુ ખ્રિસ્તને મળવા કહ્યુ, ત્યારે તે તરત જ ગયો હતો. મને ખાતરી છે કે ભાઈઓની વચ્ચેની હરીફાઈમાં તેનો હિસ્સો હોવો જોઈએ. આપણે પિતરની સાસૂ વિશે પણ વાંચીએ છીએ, જે બતાવે છે કે તે વધુ કૌટુંબિક સંબંધ ધરાવતો માણસ હતો. પિતર હેતુ લક્ષી માણસ પણ હતો. તે બરાબર જાણતો હતો કે ઈસુ ખ્રિસ્ત કોણ હતા. તે ઓળખી ગયો હતો કે ઈસુ ખ્રિસ્ત કોણ હતા. તે ઓળખી ગયો હતો કે ઈસુ ખ્રિસ્ત આવનાર મસીહી હતા. પાછળથી આ તેના સ્વભાવના ગુણો આપણે તેનાં સેવાકાર્યમાં પણ જોઈએ છીએ.

આ એક સમર્પિત, પ્રેમાળ, જુસ્સાવાળો, લોકોની ચાહના મેળવનાર, જે ઈસુ ખ્રિસ્તને ઘણા ઉચ્ચ આદરમાં માનતો હતો, તેણે કેવી રીતે અચાનક ઈસુ ખ્રિસ્તનો નકાર કર્યો હતો? એક વાર નહિ, પણ ત્રણ વાર અને તે પણ પ્રભુએ તેને તે વિશે ચેતવણી આપી હતી તોપણ તેણે ફક્ત નકાર જ કર્યો નહોતો,

(આગળ પાન ૬ પર...)


नहेम्याह बाइबल कॉलेज
रेसिडेन्शल कॉलेज, चेन्नई।

ECHO OF HIS CALL 1960-2010 GOLDEN JUBILEE
REACHING NATIONS

माध्यमः हिन्दी

Regd. Candidate for Membership ATA NEHEMIAH BIBLE COLLEGE CHENNAI ECHO OF HIS CALL Estd. 1960

*सदस्यता के लिए पंजीकृत उम्मीदवार* - ATA

सुविख्यात अंतर्राष्ट्रीय मसीही अगुवे तथा पिछले 53 वर्षों से सेवारत वरिष्ठ पासवान

Diploma in Ministry : One year
Diploma in Theology : Two years
Bachelor of Theology : Three years

योग्यता 10 वी या अधिक
जल्दी करें!

**Contact : The Chairman, Nehemiah Bible College.**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org
✶ ऑनलाइन कक्षाएं उपलब्ध हैं ✶

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (રતિમોથીને પત્ર ૧:૬)

## સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૮ જુલાઈ ૨૦૨૩ થી ૧૮ ઓગસ્ટ ૨૦૨૩ સુધી

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ જુલાઈ** : અમારી **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કુલ, નહેમ્યા બાઈબલ કોલેજ** અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમોની** સર્વ પ્રવૃત્તિઓ માટે.

**૨૦ જુલાઈ** : અમારા સર્વ સહસંપાદકો અને તેમના કુટુંબો પરના આશીર્વાદ માટે.

**૨૧ જુલાઈ** : અમારા નિવાસી અને સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજના** અભ્યાસક્રમો માટે વિદ્યાર્થીઓ મેળવવામાં કૃપાળુ રીતે સહાયતા કરવા માટે.

**૨૨ જુલાઈ** : મિશન કાર્યકર્તાઓની મોટી પ્રતિબધ્ધતા માટે.

**૨૩ જુલાઈ** : અમારા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનના ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પરની તેમની દયા માટે.

**૨૪ જુલાઈ** : મુખ્ય ચર્ચના પાળકો તથા શાખા ચર્ચોના વડીલ સભ્યો પરના આશીર્વાદ માટે.

**૨૫ જુલાઈ** : અમારા સુવાર્તા છાપખાના માટે અને તેના સતતના કાર્ય માટે, તેના કાર્યક્ષમ કાર્યકરો માટે.

**૨૬ જુલાઈ** : ૧૯૬૯થી અમારી સામયિક મિનિસ્ટ્રીમાં અમારી સર્મપિતતા પર તેમના આશીર્વાદો માટે.

**૨૭ જુલાઈ** : વધુ નવા વિશ્વાસીઓ સાથે અમારા મુખ્ય ચર્ચને આશીર્વાદિત કરવા માટે.

**૨૮ જુલાઈ** : બાલાજીનગર, સંથોશાપુરમ અને વેલાચેરીમાંની અમારી રવિવારની ભજનસેવાઓમાં નવા વિશ્વાસીઓ માટે.

**૨૯ જુલાઈ** : શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે **નહેમ્યા બાઈબલ કોલેજ** અને **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલમાં** પ્રવેશો પરના આશીર્વાદ માટે.

**૩૦ જુલાઈ** : અમારી વૈશ્વિક દર્શનના અમારા જુવાનો અને બાળકોની કાળજી મિનિસ્ટ્રી પરના આશીર્વાદ માટે.

**૩૧ જુલાઈ** : વણખેડાયેલા લોકો સુધી અમારી **યૂટ્યુબ મિનિસ્ટ્રીનાં** ૫ મિનિટોના સંદેશાઓ પહોંચે તેના પરના આશીર્વાદ માટે.

**૦૧ ઓગસ્ટ** : વણખેડાયેલા વિસ્તારોમાં સુવાર્તા ફેલાવવા માટેના અમારા પરના આશીર્વાદ માટે.

**૦૨ ઓગસ્ટ** : અમારા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલમાં** વધુ સર્મપિત ખ્રિસ્તી શિક્ષકો અને આચાર્ય સાથે આશીર્વાદીત કરવા માટે.

**૦૩ ઓગસ્ટ** : અમારા ચર્ચોના પાળકો અને અધિકારીઓ માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ ઓગસ્ટ** : લોકો પર ફરી એકવાર ઈશ્વરની કૃપા વરસે તે માટે.

**૦૫ ઓગસ્ટ** : **વેકેશન બાઈબલ સ્કૂલમાં (VBS)** ઈસુ ખ્રિસ્તના પ્રેમથી સ્પર્શેલા સેકડો બાળકોને પ્રભુમાં ટકાવી રાખવા અને અમારા ચર્ચમાં નિયમિતપણે હાજરી આપવા માટે.

**૦૬ ઓગસ્ટ** : ઈશ્વરના સેવકો અને મિશનરીઓની વિરુદ્ધ થતી હિંસા બંધ થાય તે માટે.

**૦૭ ઓગસ્ટ** : દુનિયાભરમાંથી કોરોના તાવની નાબૂદી થાય તે માટે.

**૦૮ ઓગસ્ટ** : કુટુંબોને અલગ કરતા શેતાનના દુષ્ટ કામોનો નાશ થાય તે માટે.

**૦૯ ઓગસ્ટ** : ઈશ્વરના બાળકો પર આત્મિક અને દુન્યવી આશીર્વાદો માટે

**૧૦ ઓગસ્ટ** : વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલના** નવા વિદ્યાર્થીઓ માટે.

**૧૧ ઓગસ્ટ** : દુનિયામાં ચાલતી આર્થિક મંદી બંધ થાય તે માટે.

**૧૨ ઓગસ્ટ** : અમારી મિનિસ્ટ્રીની નાણાકીય જરૂરીયાતો પૂરી પાડવામાં આવે તે માટે.

**૧૩ ઓગસ્ટ** : દુનિયાભરના લોકોની જરૂરીયાતો માટે.

**૧૪ ઓગસ્ટ** : અમારા બંગાળી ડીટીપી ઓપરેટર ભાઈ ઈન્દ્રજીત રોયના સ્વાસ્થ્યમાં ઝડપી સુધારો થાય તે માટે.

**૧૫ ઓગસ્ટ** : અમારા કાર્યકરો અને તેમના કુટુંબના સભ્યોની સારી તંદુરસ્તી માટે.

**૧૬ ઓગસ્ટ** : દરરોજ સવારે ૫ વાગે પાંચ મિનિટ માટે યૂટ્યૂબમાં પ્રસારીત થતી **મીડીયા મિનિસ્ટ્રી** માટે.

**૧૭ ઓગસ્ટ** : અમારા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સભ્યોને સર્વ પ્રકારના દુષ્ટ પરિબળોથી સલામત રાખવા માટે.

**૧૮ ઓગસ્ટ** : **નહેમ્યા બાઈબલ કોલેજની** લાઈબ્રરીના પુસ્તકોને કોહા (KOHA) સોફ્ટવેરમાં અપડેટ કરવા માટે.

(પાન ૪ પરથી આગળ...)

પણ તે શાપ પણ દેવા લાગ્યો હતો. જ્યારે આપણે આ વાંચીએ છીએ, ત્યારે આપણે કદાચ પિતરનો ન્યાય કરવાની શરૂઆત કરીએ અને આવા ભયાનક માણસ બનવા માટે તેની નિંદા કરીએ. પણ આવો આપણે વિચારીએ કે ઈસુના એક સમર્પિત, પ્રતિબધ્ધ અનુયાયી તરીકે, આપણે ઈસુ ખ્રિસ્તનો આપણા કાર્યો દ્વારા, ક્રિયાઓ, શબ્દો અને વિચારો દ્વારા કેટલી બધી વાર નકાર કર્યો છે. મેં લોકોને એમ કહેતા સાંભળ્યા છે કે, ''હું ચૂકી ગયો હતો, તે એક ક્ષણના ઉતેજનામાં થયું હતું.'' કેટલા જણા ખરેખર વિચારે છે કે તે એક ઉતેજનાની ક્ષણ હતી? ઈશ્વરના આ મહાન પ્રેરિતના ટીકાકાર તરીકે ભુલથી નહી, પણ તેનાથી વિપરીત હું ઈચ્છુ છું કે આપણે બધા તેના જીવનમાંથી શીખીએ.

શું તમને લાગે છે કે તે ફક્ત કંઈક હતુ કે જે તે સમયે જ બન્યું હતુ અથવા તે એક પ્રક્રિયા હતી?

હું માનું છું કે, એક માણસ કે જે ઘણો સમર્પિત, પ્રેમાળ, જુસ્સાવાળો અને હેતુ લક્ષી હતો, તેને માટે ઈસુ ખ્રિસ્તનો નકાર કરવો કોઈ સરળ બાબત ન હતી. તમે શું વિચારો છો કે તે સઘળું ક્યારે શરૂ થયું હતું? માથ્થી ૨૬:૫૮ પ્રમાણે તે જ્યારે પિતરે દુર રહીને તેમની પાછળ જવાનું શરૂ કર્યુ હતુ ત્યારથી.

બાઈબલ સુંદર રીતે કહે છે, પિતર દૂર રહીને ઈસુની પાછળ પાછળ ગયો હતો. આપણામાંના ઘણાં ઈસુ ખ્રિસ્તને ચાહે છે, તેમના આશીર્વાદોનો આનંદ માણ્યો છે. તે ઘણી મોટી વાત છે કે આપણે તેમને આપણને પૂરૂ પાડનાર તરીકે અને રક્ષણ કરનાર તરીકે જાણીએ છીએ પણ આપણે તેમની નજીદિક રહીને પાછળ પાછળ ચાલીને સગવડતામાં રહીએ છીએ. જ્યારે આપણે દૂર રહીને તેમની પાછળ પાછળ ચાલીએ છીએ, ત્યારે આપણામાંના કેટલાકને લાગશે કે તે સલામત છે કે તેઓ આપણી પાસેથી વધુ અપેક્ષા રાખશે નહી, લોકો આપણને ખ્રિસ્તના ચૂસ્ત અનુયાયી તરીકે જાણશે નહી અને તેથી આપણે બન્નેનો સ્વાદ ચાખીશું, ઈશ્વરનો અને દુનિયાનો, એક ઘણુ રસપ્રદ સમાધાન.

વહાલા મિત્રો, બાઈબલ આપણને શીખવે છે કે આપણે જગતના અને ઈશ્વરના એક જ સમયે મિત્રો બની શકતા નથી અને યાકૂબનો પત્ર ૪:૪ કહે છે, **''ઓ વ્યભિચારિણીઓ, શું તમને માલૂમ નથી કે, જગતની મૈત્રી દેવ પ્રત્યે વેર છે?''** માટે જે કોઈ જગતનો મિત્ર થવાની ઈચ્છા રાખે છે, તે દેવોનો વૈરી થાય છે. ત્યાં અર્ધ રસ્તો નથી. તે તો કાં તો ઈશ્વરની તરફ છે કાં તો જગતની તરફ છે. જો આપણે ઈશ્વરની તરફ નથી, તો તેને અર્થ છે કે મજબૂતરીતે આપણે પહેલેથી જ ઈશ્વરના શત્રુ બની ગયા છીએ. તેથી, વ્યક્તિ ગમે તેટલી આત્મિક અને ધર્મનિષ્ઠ હોય શકે, તો પણ જો કોઈએ દૂર રહીને ઈસુ ખ્રિસ્તની પાછળ પાછળ ચાલવાનું નક્કી કર્યું હોય, તો તે એક જોખમી સ્થળ છે.

તમારું આજનું ખ્રિસ્તની સાથે ચાલવું કેવું છે? શું તમે ઈસુ ખ્રિસ્તની સાથે અંતર રાખીને ચાલો છો કે શું તમે ઈસુ ખ્રિસ્તની સાથે નજદીકથી ચાલો છો? તે એક પસંદગી છે જે આપણ સઘળાએ કરવાની છે. જેમ આગળ જણાવ્યું તેમ, ઈસુ ખ્રિસ્ત આપણને એટલો બધો પ્રેમ કરે છે કે તેઓ આપણા પર કોઈપણ દબાણ કરશે નહિ, પણ આપણને સ્વતંત્રતાની ઈચ્છા આપશે. જો કે, તેમણે તેમની ઈચ્છા દર્શાવી છે, **''જો તમે મારામાં રહો, અને મારાં વચન તમારામાં રહે, તો જે કંઈ તમે ચાહે તે માગો, એટલે તે તમને મળશે.''** (યોહાન ૧૫:૭) આ આપણને ઈશ્વરની સાથે નજદીકથી ચાલવાનું મહત્વ શીખવે છે.

વહાલા મિત્રો, જે જગતમાં આપણે રહીએ છીએ તે ઘણું ગુંચવણભર્યુ અને ઈચ્છા રાખનારું છે. આપણું કામ, આપણું કુટુંબ અને અંગત જીવનની વચ્ચે રહેવું એક પડકાર છે. કેટલીક વખત જે બાબતોનો આપણે આપણા જીવનોમાં સામનો કરીએ છીએ, જેવી કે નિરાશાઓ, નુકસાન, દગો, જુદાઈ, પીઠ પાછળ ઘા કરવો, તે આપણને માનસિક રીતે થકવી નાખે છે, કદાચ તમે કહા કે, **''હું એવી જીંદગી જીવી રહ્યો છું, કોઈકે લીધેલા, પરિણામોને કારણે, કે આના માટે હું યોગ્ય પણ નથી.''** આ કદાચ કારણ હોઈ શકે કે તમે ઈસુ ખ્રિસ્તને અનુસરવાનું બંધ કરો જેમ યહૂદાએ કર્યું હતુ અથવા ઈસુ ખ્રિસ્તને દૂર રહીને અનુસરવાનું, જેમ પિતરે કર્યુ હતુ, પણ મુદ્દો એ છે કે બન્ને જોખમી છે.

પિતરનો ઈસુ ખ્રિસ્ત માટેનો નકાર તે ક્ષણે જ થયો ન હતો, તે એક ધીમી પ્રક્રિયા હતી. જે ઘડીએ ઈસુની ધરપકડ થઈ હતી, દરેક પર ભય છવાયો હતો, એટલે કે તેમના ભવિષ્યનું શું થશે. તે જ સમયે, પિતર જાણવા માગતો હતો કે તેના માલિક સાથે શું થાય છે, તેથી તે દૂર રહીને તેમની પાછળ પાછળ ગયો હતો.

(આગળ પાન ૯ પર...)

''યહોવાએ અમારે માટે ભારે કામ કર્યાં છે,
તેથી અમે આનંદ પામીએ છીએ.'' - ગીતશાસ્ત્ર ૧૨૬:૩

ઈકો ઑફ હીજ કોલ
મિનિસ્ટ્રીજ

પપમો વાર્ષિક સમારોહ

(૧૯૬૯-૨૦૨૩)

Place:
ECHO OF HIS CALL
10, MOHAMMED ABDULLAH 2ND STREET,
CHEPAUK, CHENNAI - 600 005, INDIA.

ખાસ કાર્યક્રમો :
૧૧.૮.૨૦૨૩, શુક્રવાર
૧૨.૮.૨૦૨૩, શનિવાર
૧૩.૮.૨૦૨૩ રવિવાર

ખાસ સંદેશો :
બહેન એન્જેલાઈન એલ્વાકુમારી

કૃપા કરીને પ્રાર્થના કરશો

સંપર્ક : પાળક એસ. સામ સેલ્વરાજ (+91) 98410 71852

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. પાળકોના સલાહ પરામર્શ - રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૧૮. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. મધ્ય-અઠવાડિક બાઈબલ અભ્યાસ - બુધવારે સાંજે ૬.૩૦ વાગે
૨૦. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૨૧. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૨. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૩. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૪. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૫. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૬. રાત્રી પ્રાર્થના - બીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૨૭. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૮. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૯. જુવાનો/બાળકો માટે પ્રાર્થના - દરરોજ સાંજે ૧૦.૦૦ વાગે
૩૦. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૩૧. કાયાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુર્વાતિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

The Chairman, Nehemiah Bible College,
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)

HIS GUIDANCE AND PROVIDENCE IN MY LIFE!

## મારા જીવનમાં તેમની દોરવણી તથા સમયસર લીધેલી મારી કાળજી!

**"જેઓ તેમનો ભય રાખે છે, તેમની ઈચ્છા તેઓ પરિપૂર્ણ કરશે, તેમને તૃપ્ત કરશે." – ગીત ૧૪૫:૧૯**

૧૯૮૨ના વર્ષમાં મારી ચર્ચ મિનિસ્ટ્રી ચેપોક, ચૈન્નાઈ (મદ્રાસ) નામની જગામાં શરૂ કરવામાં મને સક્ષમ કરવા પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઘણા કૃપાળુ હતા. તેની શરૂઆતથી જ, નાણાકીય અછત તેમજ તે વિસ્તારના ખ્રિસ્તી વિરોધી મિત્રોના વિરોધ અને ઈર્ષાને કારણે ચર્ચ એક જગાએથી બીજી જગાએ સ્થળાંતર કરવાની સમસ્યા અનુભવી રહ્યું હતું.

છેવટે અને અમારી રવિવારની ભજનસેવા એક ઘરના નાના ઓરડામાં ભરાવતા હતા, જ્યાં કોઈ હવાઉજાસ પણ ન હતા. આ ઘર વહાલા ભાઈ શ્રી. જ્યોર્જની માલિકીનું હતું.

એક ખાસ રવિવારે, ભક્તિસભાની સેવા દરમિયાન, પ્રભુ ઈશ્વરે મને આત્મામાં અનપેક્ષિત રીતે અને અચાનક તેજ વિસ્તારમાંના એક મોટા મકાનમાં અમારી ભજનસેવા ભરાવવાની પ્રેરણા કરતા તેમના પરના વિશ્વાસને વધાર્યો હતો. પ્રભુએ મને એ પણ પ્રેરણા કરી હતી કે હું સભાજનોને તે વાત જણાવું, જેથી તેમની પ્રાર્થના સહાયતા મને મળી શકે. મેં ઈશ્વર પ્રભુની આજ્ઞા પાળી અને મંડળીની ભજનસેવામાં આ વાત જણાવી.

* જે લોકો ચર્ચમાં હતા, તેમણે મારી વાત સાંભળી અને તેમના કટાક્ષભર્યા દેખાવ દ્વારા મારી મજાક ઉડાવવાની શરૂઆત કરી હતી.
* તેમણે પ્રશ્ન કર્યો હતો, "શું આપણી નબળી નાણાકીય સ્થિતિના આધારે તે મિલકત ખરીદવી ખરેખર શક્ય છે?"
* કેટલાક લોકોએ મને આત્મિક દબાણ આપવાનો પ્રયત્ન કરતા પૂછ્યું કે, "જો કે, આપણી પાસે નાણાં હોય, તોપણ આ ગીચ વસ્તીવાળા વિસ્તારમાં આપણે વેચાવવાની મિલકત કેવી રીતે શોધી શકીશું."

થોડા મિત્રો કટોકટીભર્યા અને શંકાશીલ પ્રશ્ન સાથે આગળ આવ્યા, "લોકોને ઈશ્વરના નામે આવો અવ્યવહારું સંદેશ જણાવવો તે શું તે એક પ્રતિષ્ઠિત માણસ માટે યોગ્ય છે?"

આ કારણને લીધે, હું ઘણી મૂંઝવણીભરી પરિસ્થિતિમાં મૂકાઈ ગયો હતો. હું એક પણ એવા માણસને શોધી શકતો નહતો, કે જે મારા વિશ્વાસના પડકારને સ્વીકારીને મારી સાથે ઊભો રહે. સામાન્ય લોકો છેવટે એ નિષ્કર્ષ પર આવ્યા કે ખ્રિસ્તી ઉપદેશકો પાસે આવી અસ્વીકાર્ય અને અવ્યવહારું વાતો ઉચ્ચારતા રહેવા સિવાય બીજું કોઈ કામ નથી અને તેમણે મને કોઈ પણ રીતે જાણવાની ના પાડી દીધી હતી.

પણ હું હૃદયભંગીત થયો ન હતો. તેનાથી વિપરીત, ઈશ્વર પ્રભુએ મને દિલાસો દીધો હતો અને મને તેમના પર મજબૂત રીતે અઢેલવા માટે તેમની કૃપા આપી હતી, એક કે જેઓ આપણા **વિશ્વાસના અગ્રેસર તથા સંપૂર્ણ** કરનાર છે. (હિબ્રૂઓને પત્ર ૧૨:૧) ઈશ્વરપ્રભુએ મારા હૃદયમાં આ તેમના વચન સાથે પ્રવેશ કર્યો, **"હે કીડા સમાન યાકૂબ, હે ઈસ્રાએલના માણસ, બીશો મા., યહોવા કહે છે કે, હું તને મદદ કરીશ, વળી તારો છોડાવનાર તે ઈસ્રાએલનો પવિત્ર દેવ છે. જુઓ, મેં તને તીક્ષ્ણ, નવા દાંતાવાળા મસળવાના યંત્રરૂપ બનાવ્યો છે; તું પર્વતોને મસળીને ચૂરેચૂરા કરીશ, ને પહાડોને ભૂસા જેવા કરી નાખીશ."** (યશાયા ૪૧:૧૪,૧૫).

દિવસો પસાર થતા ગયા. મારી આસપાસના લોકોની વચ્ચે ઈશ્વરે મને આશીર્વાદિત કર્યો હતો અને કૃપાળુરીતે અમને તે જ જગાએ તેમના સેવાકાર્ય માટે એક અદ્દભૂત સ્થાન ઉપલબ્ધ કરાવ્યુ, જ્યાં ઈશ્વરે મને વિશ્વાસ કરવા સક્ષમ બનાવ્યો હતો.

પણ તે સ્થળનો તાબો મેળવ્યા પછી, મારી પાસે તે મિલકત ખરીદવા નાણાં ન હતા, જેમ તે વિસ્તારના લોકોએ અપેક્ષા રાખી હતી. મેં મારા જાણીતા, ઓળખીતા સ્રોતોમાંથી સહાયતા મેળવવાનો પ્રયત્ન કર્યો. પણ કોઈપણ મને સહાય આપવા આગળ આવ્યુ નહી, કેમ કે હું નાણાંકીય રીતે ઘણો ગરીબ હતો. આ પરિસ્થિતિમાં, સરકાર મને વ્યક્તિગત મકાન પેશગી આપવા આગળ આવી, મિલકત ખરીદવા માટે, કેમ કે તે સમયે, હું સરકારી ખાતામાં કામ કરતો હતો. આ મેળવવા માટે, ઈશ્વરે એક બીન-ખ્રિસ્તી મિત્ર શ્રી. કન્નાન અને એક બીજા ખ્રિસ્તી મિત્ર શ્રી. એમ. પી. જયાકુમારનો ઉપયોગ કર્યો હતો. ઈસુ ખ્રિસ્ત સર્વ સમયે ભલા છે. સર્વ સમયે ઈસુ ખ્રિસ્ત ભલા છે, સારા છે. આપણી પાસે કેવા અદ્દભૂત ઈશ્વર છે! **"અનુભવ કરો અને જુઓ કે યહોવા ઉત્તમ છે."** (ગીતશાસ્ત્ર ૩૪:૮).

આજે પણ, જ્યારે હું આ સંદેશો લખી રહ્યો છું, ત્યારે હું તમને કહી શકુ છું કે મારું જીવન ખડબચડું અને પડકારોથી ભરેલું છે. હું મારા જીવનમાં ઘણી મુશ્કેલીઓથી અને કહેવાય નહી એવી પીડાઓથી દબાઈ ગયો હતો, જેમ કે ઈશ્વરે આપેલા **ઈકો ઓફ હીજ કોલ** ૧૬ ભાષાઓમાંના માસિક સામયિકો, **બાઈબલકોર** બાઈબલ અભ્યાસક્રમ અને તાલિમ અભ્યાસક્રમો, ત્રણ ભાષાઓમાંના, **નહેમ્યા બાઈબલ કોલેજ**, દર રવિવારની સાત ભજનસેવાઓ સાથે, **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ**, (ગ્રામ્ય ઉચ્ચ માધ્યમિક શાળા), સુવાર્તા છાપખાનું અને તેમજ કાર્યાલયનું વહીવટી કામકાજ ચલાવતા દબાઈ ગયો હતો. મેં અલગ પ્રકારની કહી ન શકાય અને અવાસ્તવિક મુશ્કેલીઓનો, પડકારોનો અને નિષ્ફળતાઓનો મારી મિનિસ્ટ્રીયલ અને વહીવટી જીવનમાં સામનો કર્યો છે.

મને અનિંદ્રાભરી રાતોનો અનુભવ છે અને એવી રાત્રીઓ જ્યારે

તેમાં હું સુઈ જવા માગતો નહતો, જાગતો રહેવા માગતો હતો. હું શીખ્યો છું કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત એકમાત્ર વિશ્વાસું છે અન જેમન પર ભરોસો રાખી શકાય એવા, એક ખરા મિત્ર તરીકે, આ જગતમાં, જે અંધકાર, દુષ્ટ જુલમોથી અને વ્યર્થતાથી ઘેરાયેલું છે. કારણ કે, હું મારા જીવનમાં તેમની દોરવણી અને તેમણે મારી સમયસર લીધેલી કાળજીનો અનુભવ કરી શક્યો છું. જાણીતા ગીતની નીચેની કડીઓમાં મારો અનુભવ છે.

**દોરો, કૃપાળુ અજવાળુ, ઘેરાયેલા અંધકાર વચ્ચે, તમે મને આગળ દોરો!**

**રાત્રી અંધારી છે, હું ઘરથી દૂર છું;**
**તમે મને આગળ દોરો! તમે મારા પગલાને રાખો;**

**હું પૂછવા માગતો નથી દૂરનું દ્રશ્ય; એક પગલુ મારા માટે બસ છે.**

હું જાણું છું કે મારું રોજીંદુ જીવન કસોટીઓ અને મુશ્કેલીથી ભરેલું છે. મને ખાતરી આપવામાં આવી છે કે, જ્યારે હું આ જગતમાં મારું કામ પૂરુ કરીશ ત્યારે હું મારા સ્વર્ગીય ઘરમાં પ્રવેશ કરીશ અને વારસો પ્રાપ્ત કરીશ અને મારા માલિક ઈસુ ખ્રિસ્તને નજરોનજર મળીશ અને તેમના સુવર્ણ ચહેરાને ચૂમીશ અને મારી આ દુનિયામાંનો અનુભવ વહેંચીશ. હું તે અદ્દભૂત દિવસની આતૂરતાથી રાહ જોઈ રહ્યો છું. તે દિવસ એક મહાન દિવસ હશે! તે દિવસ મોટો આશીર્વાદિત દિવસ થઈ રહેશે!!

**વહાલા મિત્રો, શું તમારી પાસે આવી આશા અને ઝંખના છે?**

*******

(પાન ૬ પરથી આગળ...)

શું તમે પિતરની જેવા છો, ઈસુ ખ્રિસ્તને દૂર રહીને અનુસરો છો? તમે કદાચ અનુભવો, "જ્યારે હું ઈશ્વર સાથે નજદીકથી ચાલુ છું. ત્યારે અપેક્ષાઓ વધુ હોય છે અને તેથી કદાચ હું દૂર રહું." આપણામાંથી કેટલાક દેવળમાં જાય છે પણ દેવળમાંની ભજનસેવામાં સામેલ થવા માગતા નથી. આપણામાંથી કેટલાક દેવળમાં જતા પણ નથી અને કેટલાક ઘરે રહેશે અને પ્રાર્થના કરશે. કેટલાક જરૂર હોય ત્યારે જ ઈસુ સાથે વાત કરશે, નહિ તો આપણી પાસે તેમને માટે સમય નથી.

હું તમને આજે પ્રોત્સાહન આપું છું ક ઈસુ ખ્રિસ્તને દૂર રહીને અનુસરો નહિ, તેમની નજદીક જાઓ. તેઓ આ જગતમાં આવ્યા, ઈશ્વરની સાથે માણસનો સંબંધ જોડવા માટે. તેજ હેતુ માટે, તેઓ વધસ્તંભ પર મૃત્યુ પામ્યા અને ત્રીજે દિવસે પાછા ઊઠ્યા. આપણને નિરાશાજનક સ્થિતિમાં આશા આપવા માટે. તોફાનની વચ્ચે આપણને શાંતિ આપવા માટે. આપણને પ્રેમ આપવા માટે, ત્યારે પણ જ્યારે આપણને લાગે છે કે આપણે પ્રેમ કરવા યોગ્ય નથી. રોમનોને પત્ર ૮:૩૨ કહે છે, "**જેણે પોતાના દીકરાને પાછો રાખ્યો નહિ, પણ આપણ સર્વને માટે તેને સોંપી દીધો, તે કૃપા કરીને આપણને તેની સાથે બધુંએ કેમ નહિ આપશે?**" તેમને વિનંતી કરો, તેઓ તમને સર્વ સારી બાબતો આપવાની ઈચ્છા રાખે છે દરરોજ તેમની સાથે વાત કરો. તેમનું વચન વાંચો. જો તેમનો અવાજ સાંભળવાનો તમને અનુભવ થયો નહિ હોય, તો, તેમને આજે વિનંતી કરો. પ્રાર્થનામાં કહો, "ઓ પ્રભુ ઈશ્વર, હું તમારી પાછળ પાછળ નજીદીકથી ચાલવા માગું છું, દૂરથી નહી, હે પ્રભુ, મારી સાથે બોલો. તમારો અવાજ મને સંભાળવવા દો. મને સહાય કરો, હે પ્રભુ, ફક્ત સાંભળવા માટે જ નહિ, પણ તમે જેમ કહો તેમ કરવા માટે પણ. આમીન.

આવો યહોવા પ્રભુ તમને સહાય કરે નજીદીકથી ચાલવા માટે અને નહી કે અંતર રાખીને, દૂર રહીને.

❇❇❇❇❇❇❇


# નહેમ્યાહ બાઈબલ સાંધ્ય કોલેજ

**ચેપોક તથા સંથોષપૂરમ, ચેન્નાઈ**

## માધ્યમ : તામિલ

**સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર – ATA**
**આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો**
**દ્વારા છેલ્લા ૫૩ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.**

Regd. Candidate for Membership ATA NEHEMIAH BIBLE COLLEGE CHENNAI ECHO OF HIS CALL Estd.: 1969

**Diploma in Ministry : One year**
**Diploma in Theology : Two years**
**Bachelor of Theology : Three years**

## શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ

**પ્રવેશ લેવા ઝડપ કરો!**

**મહેરબાની કરીને સંપર્ક કરો**

**Contact : The Chairman, Nehemiah Bible College.**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, BELLS ROAD, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

## ઈકો ઓફ હીઝ કોલ

**યુટ્યુબ**
**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીઝ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**
*****
**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીઝ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીઝ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીઝ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીઝ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીઝ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
**Postal Regn. No. TN/CH/(C)/203/21-23**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 17th JULY 2023**

**If un-delivered please return to:**
**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**